**એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ,**
**મુ**.રાજકોટ.
ફોજદારી કેસ નંબર : ૧૯૪૨/૧૮
આંક : ૬

શ્રી સરકાર :: ફરીયાદી
વિ.

યતિનભાઈ વજુભાઈ પંડયા
રે.રાજકોટ :: આરોપી.

ગુનો : આઈ.પી.સી. ૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એકટની કલમ ૧૮૪–૧૦૭ મુજબ

(૧) સદર કામનુ રેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. આ કામના આરોપીઓ સામે આઈ.પી.સી. ૨૭૯, ૪૨૭ એકટની કલમ મુજબનો ગુનો નોંધાતા, આરોપી/ઓ સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઇસ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપી નો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી સ્પીશયલ સીટીગ દરમ્યાન હાજર થયેલ છે. આરોપી ને ભા.ફો.અ.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે આંક–૪ થી – મુજબ આરોપીની પ્લી લેતા, આરોપીઓએ તેમનો ગુન્હો કબુલ કરી, આંક–૫ થી ગુન્હા અંગે લેખિતમાં કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. ગુન્હા બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુન્હો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈચ્છિક રીતે હોઈ તે નોંધી પરંતુ આરોપીની સદરહુ કબુલાત તેમની વિરૂઘ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે તેમછતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરે છે. તેવી કોર્ટે ખાતરી કરેલ છે. આ તબકકે નામ.ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી.એલ.આર.૨૦૦૫ (૧) પાના નં.૭૦૯ ઉપર પ્રસિઘ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહું ચુકાદાના પાના નં.૭૨૧ ના પેરા નં.૨૧ માં જણાવેલ કારણો ઘ્યાને લીધો. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતી ને ઘ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતો ને ઘ્યાને લેતા આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીની આ કબુલાત હું સ્વીકારુ છુ અને આરોપીને તેમની સામેના ગુનામા તકસીરવાન ઠરાવુ છું. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ઘ્યાને લેતા, આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ માનુ છું. જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>:: હુ ક મ ::</u>

૧. આ કામના આરોપીને આઈ.પી.સી. ૨૭૯, ૪૨૭ એકટની કલમ ૧૬૦–૧૮૮ મુજબ સી.આર.પી.સી.ની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવું છું. અને સદર ગુના સબબ રૂ ૧૦૦૦ અંકે એકહજાર નો દંડ અને કોર્ટ ઉઠતાં સુધીની સજા ફરમાવવાનો હુકમ કરૂ છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨.        મુદ્દામાલ .................નો અપીલ સમય વિત્યે નિયમાનુસાર નિકાલ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી સ્પેશીયલ સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(એચ.એસ.પટેલ)**

**તારીખઃ– ૨૨/૦૪/૧૮**        **૦૮માં અધિક ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ**

**રા જ કો ટ**

UIC CODE GJ00969